ગાંધીનગર સમાચાર
તા. ૨-૧૨-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### મમતા સામે મહાભારતનાં મંડાણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતમાં કોઇ પણ વિરોધી પક્ષનું અસ્તિત્વ રહેવા દેવા માગતા નથી. કોંગ્રેસને ધરાશાયી કરી દીધા પછી એમણે પ્રાદેશિક પક્ષો તરફ નિશાન તાક્યું છે. મહારાષ્ટ્રમાં ભાજપના સૌથી જૂના સહયોગી શિવસેના જેવા સંગઠનને હેસિયત મુજબ વેતરી નાખ્યું અને મરાઠા સરદાર શરદ પવારને પણ એમનો પરચો બતાવી દીધો. મરાઠા સરદારે તો વિચક્ષણ રાજનીતિજ્ઞ હોઇ પહેલાંથી જ મોદી સાથે સુલેહના સંકેત આપી દીધા હતા પરંતુ પશ્ચિમ બંગની વાઘણ એમ ગુજરાતી સિંહની ગર્જનાને ગાંઠે ખરી? મમતા બેનરજીએ મોદી સામે મોરચો માંડવાની હિંમત કરી એ ભારતીય લોકશાહીનું રસપ્રદ પ્રકરણ છે. હવે એની ખેર નથી! લોકસભાની ચૂંટણી પહેલાં જરા જુદી જ પરિસ્થિતિ હતી. મોદી પશ્ચિમ બંગમાં રેલી કરવા ગયા ત્યારે એમણે મમતા દીદીનાં ભરપેટ વખાણ કર્યાં હતા. મતદાતાઓને એમણે આગવી ઢબે લલચાવવાની કોશિશ કરી હતી. તમે મને દિલ્હી પૂરતો ટેકો આપો. અહીં તો દીદી છે જ. વળી રાષ્ટ્રપતિ પ્રણવ બાબુ પણ તમારા જ છે. તમને તો લાભ જ લાભ છે. મમતાએ મોદીને કોઠું ન આપ્યું અને ભાજપનો વિજયરથ પશ્ચિમ બંગમાં ધાર્યાં નિશાન ન પાડી શક્યો. મમતા માટે શારદા ચીટ ફંડનું ઉંબાડિયું ત્યારે પણ સળગેલું હતું, છતાં મતદારાઓએ દીદીને સમર્થન કરવાનું વલણ અપનાવ્યું. હવે સંસદમાં મોદીને મમતાના સાંસદો કાળાં નાણાંનાં મુદ્દે ઘેરી રહ્યા છે તો વળી સીબીઆઇ તૃણમૂલ કોંગ્રેસના કૃણાલ અને શ્રીંજોય જેવા નેતાઓને શારદા ચીટ ફંડમાં સામેલગીરીના મુદ્દે સકંજામાં લઇ ચૂકી છે. મમતા બેનરજીએ સોનિયા ગાંધી દ્વારા નહેરુ સવા શતાબ્દી નિમિત્તે બોલાવાયેલ 'બિનસાંપ્રદાયિક' નેતાઓની બેઠકમાં હાજરી આપીને એમનું રાજકીય વલણ સ્પષ્ટ કરી દીધું છે. કેન્દ્ર સરકાર પોતાના આવા વલણને લીધે જ તૃણમૂલ કોંગ્રેસના સાંસદોની ખોટાં બહાનાં હેઠળ ધરપકડ કરી રહી હોવાનો મમતાનો આક્ષેપ કેટલું વજૂદ ધરાવે છે એ તો સમય જ કહી શકશે. પરંતુ મમતાએ મોદી વિરુદ્ધ પડકાર ફેંકીને જોખમ વહોરી જ લીધું છે. મોદીએ 'મિશન મમતા' નો હવાલો એમના વિશ્વાસુ સેનાપતિ અમિત શાહને સોંપી દીધો છે. અમિત શાહને કોલકાતામાં રેલી નહીં કરવા દેવાની મમતાની જીદ કોર્ટના ટેબલ પર ટકી શકી નથી. અમિત શાહે એમની રેલીમાં મમતાને ઉચાળા ભરાવવાનો સંકેત પાઠવી દીધો છે. એમણે છાતી ઠોકીને કહ્યું છે કે ૨૦૧૬માં 'ભાગ મમતા, ભાગ' થવાનું છે. 'ભાગ મિલ્ખા, ભાગ'ની તર્જ પર અમિત શાહે પ્રાસ મેળવવા પ્રયાસ કર્યો છે. પરંતુ એ ભૂલી ગયા છે કે મિલ્ખાસિંહને ભગાડીને તો એના વડેરાએ એને માટે જીવન પર્યંત ચાલે એવી કારકિર્દીનાં મંડાણ કરાવ્યાં હતા. પાકિસ્તાનથી ભાગી આવેલો મિલ્ખા હિંદુસ્તાનનો હીરો થઇ ગયો બલકે દુનિયાભરમાં એનું નામ ગૂંજતું થઇ ગયું! શું અમિત શાહ મમતાને કોલકાતાથી ભગાડીને દિલ્હી લઇ આવવા માગે છે? મમતા પણ જયલલિતા અને માયાવતી જેટલાં જ મહત્ત્વાકાંક્ષી મહિલા રાજકારણી છે. બંગાળી પ્રજામાં એમની લોકપ્રિયતા પશ્ચિમ બંગાળના પહેલા મુખ્યમંત્રી ડૉ. બિધાનચંદ્ર રોયની બરાબરી કરી શકે એ બરની છે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી સુદ્ધાં એમની સામે વિધાનસભાની ચૂંટણી લડે તો હારી જ જાય. આખા પશ્ચિમ બંગાળને સકંજામાં લઇ પચ્ચીસ વરસ સત્તા પર રહેલ ડાબેરીઓને આ મૂઠી હાડકાંની મહિલાએ ધૂળ ચાટતા કરી દીધા હતા તે કોણ નથી જાણતું? અત્યારે શારદા ચીટ ફંડ ગોટાળાનાં એક લાભાર્થી તરીકે મમતાને બદનામ કરવા મેદાને પડેલા મોદીના માનીતા સેનાપતિ લોકસભાની ચૂંટણી પૂર્વે મમતાનો આટલો બધો મલાજો કેમ જાળવતા હતા? બર્દવાન વિસ્ફોટ પાછળ પણ શારદા ચીટ ફંડનાં જ નાણાં વપરાયાં હોવાનો આક્ષેપ અને શારદા ચીટ ફંડના 'લાભાર્થીઓ'ને તેમજ બાંગ્લાદેશના ઘુસણખોરોને રક્ષણ આપતાં હોવાનો આક્ષેપમાં તથ્ય હશે તો મમતાને જરૂર હાથનાં કર્યાં હૈયે વાગશે. પરંતુ ભાજપના નેતાઓનું એમને પ્રતિકુળ લાગતી પાર્ટીઓ તરફનું વલણ જરૂર છતું થઇ ગયું છે એટલું નક્કી!



યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ, સેક્ટર-૭ દ્વારા હંમેશા સેવાકીય અને સરાહનીય કાર્યો કરવામાં આવે છે. ત્યારે ટ્રસ્ટના ડૉ. હાર્દિક તલાટીએ સ્વચ્છ ભારત અભિયાનને વેગ આપવા ડસ્ટબીન ફાળવ્યા છે. યુનાઈટેડ ટ્રસ્ટ અને લીટલ ફ્લાવર પ્લે ગૃપ દ્વારા આજે સ્કૂલના ભુલકાઓને સાથે રાખી ડસ્ટબીન ફાળવી સ્વચ્છતા અભિયાનને ટેકો આપ્યો છે. અત્યાર સુધી અભિયાનમાં મોટેરાઓને જ જોડવામાં આવ્યા છે. પરંતુ પ્લે ગૃપ અને યુનાઈટેડ ટ્રસ્ટે બાળકોને જોડી ઉત્તમ કાર્ય કર્યુ છે.

# રાજ્યની શાળામાં શિક્ષકોની ઘટ દૂર કરવા આખરે નિર્ણય

## ટૂંક સમયમાં જ ૩૬૦૦ વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયા હાથ ધરાશે : ખોટના કારણે અભ્યાસ ઉપર માઠી અસર

અમદાવાદ, તા.૦૧

રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં છેલ્લા કેટલાક સમયથી શિક્ષકોની ખોટના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર તેની ગાઢ અસર પડી રહી છે જેના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પડતી નકારાત્મક અસરોને રોકવા માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં વિદ્યાસહાયકોની ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત રાજ્યભરમાં કુલ ૩૬૦૦ જેટલા વિદ્યાસહાયકોની ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત રાજ્યભરમાં કુલ ૩૬૦૦ જેટલા વિદ્યાસહાયકોની ભરતીની પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. આ માટે અમદાવાદ સહિતની શાળાઓમાં ભરતી થનાર વિદ્યાસહાયકો માટેનો મહેકમ રાજ્ય સરકારે પણ મંજુર કરી દીધો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ, રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬થી ૮માં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવામાં માટે વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવશે. રાજ્ય સરકારે લીધેલા નિર્ણય મુજબ સામાન્ય વિજ્ઞાન, ગણિત અને વિજ્ઞાનના વિષયના શિક્ષકોની અછત વર્તાતી હોવાના લીધે આ વિષયના વિદ્યાસહાયકોની મોટાપાયે ભરતી કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા ટેટની પરીક્ષા લેવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રક્રિયા દરમિયાન અમદાવાદમાં પણ ગણિત, વિજ્ઞાન, ભાષા અને સામાજિક વિજ્ઞાન સહિતના વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવશે.જિલ્લા પંચાયત હસ્તકની શાળાઓમાં પણ શિક્ષકોની ભરતી કરવામાં આવશે. અમદાવાદની વિવિધ શાળાઓમાં અંદાજે ૨૦૦થી વધુ વિદ્યાસહાયકોની ભરતી કરાશે. છેલ્લા ઘણા વખતથી શાળાઓમાં શિક્ષકોની ઘટની સમસ્યાની ફરીયાદો સામે આવતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે વિદ્યાસહાયકોની આ ભરતીમાં પીટીસી પાસ થયેલ ઉમેદવારોને પ્રાથમિક્તા આપવામાં આવશે. વિદ્યાસહાયકો માટેના ઈન્ટરવ્યુ અને અન્ય પ્રક્રિયા શરૂ થઈ છે. તેના કારણે રાજ્ય સરકાર દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ પાસેથી જુદી જુદી માહિતીઓ માંગવામાં આવી રહી છે.દરેક જિલ્લામાં જરુરીયાત મુજબ વિદ્યાસહાયકોની ભરતી,ફાળવણી કરવામાંઆવશે.

## ડિફેન્સ પેન્શન અદાલતનું ખાસ રીતે આયોજન થશે

અમદાવાદ, તા.૦૧

ગુજરાતમાં રહેતા ડિફેન્સ પેન્શનર્સ કે ડિફેન્સ સિવિલિયન્સની પેન્શન સંબંધી સમસ્યાઓના નિકાલ માટે અમદાવાદમાં ડિફેન્સ પેન્શન અદાલતનુંઆયોજન કરાશે. પ્રિન્સિપલ કંટ્રોલર ઓફ ડિફેન્સ અકાઉન્ટ (પેન્શન), અલાહાબાદ કાર્યાલય દ્વારા ૨૨ અને ૨૩ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ અમદાવાદમાં તેનું આયોજન કરાયુંછે. પેન્શનર્સની નોંધણી સવારે ૮ વાગ્યે ચાલુ થશે. ગુજરાત અને તેના નજીકના વિસ્તારોમાં રહેતા પેન્શનર્સ/ સિવિલયન્સને અનુરોધ કરવામાં આવે છે કે તેઓ તેમની પેન્શન સંબંધી ફરિયાદો અંગ્રેજી અને હિન્દીમાં (ડુપ્લીકેટ) શ્રી આશિષ સેન, પેન્શન અદાલત ઓફિસર, પીઆર સીડીએ (પેન્શન), દ્રોપદી ઘાટ, અલાહાબાદ-૨૧૧૦૧૪ પર મોકલી આપે. પેન્શનરોએ ફરિયાદમાં તેમનું નામ, રેન્ક ગ્રુપ, રેજિમેન્ટલ આઈસી નં.પીપીઓ નં. બેંક/ટ્રેઝરીની વિગત, નામ અને સરનામું, ચોક્કસ ફરિયાદ, નિવૃત્તિની તારીખ અને સરનામું તથા ફોન નંબર લખવા વિનંતી કરવામાં આવે છે.

## જિલ્લાકક્ષાની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૧

જિલ્લાકક્ષાની ચિત્ર સ્પર્ધામાં જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. નવનીત સ્કેચબુક ડ્રોઈંગ કોમ્પિટીશન-૨૦૧૪ તાજેતરમાં યોજાઈ હતી. જિલ્લા કક્ષાની ગૃપ-એ સ્પર્ધામાં જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થી તન્મય અલ્પેશકુમાર જયસ્વાલ ધોરણ-૨-સી એ અદ્ભુત ચિત્ર દોરી પ્રથમ નંબર મેળવ્યો છે. ત્યારે તન્મયનું ડ્રોઈંગ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યું છે. શાળા પરિવારે વિદ્યાર્થીની સિદ્ધિને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## જુડો સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યુ

ગાંધીનગર, તા. ૧

ખેલમહાકુંભ અંતર્ગત યોજાયેલ અંડર-૧૬ જૂડો સ્પર્ધામાં



શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક માધ્યમિક વિદ્યાલયનો વિદ્યાર્થી જિલ્લામાં પ્રથમ સ્થાને આવ્યો છે. શાળાના ધોરણ-૯માં અભ્યાસ કરતો દિલીપ જેસંગભાઈ રાઠોડે અંડર-૧૬ જૂડો સ્પર્ધામાં ૪૦ કિ.ગ્રા. વજનમાં જિલ્લામાં પ્રથમ આવ્યો છે. તેમજ જૂનાગઢમાં યોજાયેલ રાજ્યકક્ષાની સ્પર્ધામાં બીજુ સ્થાન મેળવી સિલ્વર મેડલ મેળવ્યો છે. પી.ટી. શિક્ષક હર્ષાબેનના માર્ગદર્શન હેઠળ દિલીપે સિદ્ધિ મેળવતા શાળા પરિવારે વિદ્યાર્થીઓને, શિક્ષકોને અભિનંદન પાઠવ્યા છે.

## લેખિત ક્વિઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧

રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરિયલ વડોદરા દ્વારા શાળાકક્ષાની લેખિત ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવે છે. ત્યારે ચાલુ વર્ષની સ્પર્ધા સેક્ટર-૭ સ્થિત શાળામાં યોજવામાં આવી હતી. સ્પર્ધામાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની ૧૮૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. દક્ષા ચૌધરી અને દામિની ચૌધરી ધોરણ-૧૦-બી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આગામી સમયમાં જિલ્લાકક્ષાએ ઉપરોક્ત તમામ વિદ્યાર્થીનીઓ પરીક્ષામાં ભાગ લેશે.

## હરિની દૃષ્ટિ...




પહેલા એકલો કાદવ હતો, પછી કમળ આવ્યું... અને હવે કમળો...!!

## પાણી સંચયન ખુશહાલ જીવન પર ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧

આજે સાયન્સસિટી અમદાવાદ ખાતે કેન્દ્રિય ભૂમિજળ બોર્ડ પશ્ચિમ મધ્યઝોન દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં દીવ-દમણ ગુજરાતના ધોરણ-૬ થી ૮ સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. સ્પર્ધા 'પાણી સંચયન-ખુશહાલ જીવન' થીમ પર યોજાશે. જેમાં પ્રથમ ત્રણ શ્રેષ્ઠ ચિત્રોને અનુક્રમે ૧૦ હજાર, ૮ હજાર અને ૫ હજાર રૂપિયાના રોકડ પુરસ્કાર આપવામાં આવશે. આ સ્પર્ધાના શ્રેષ્ઠ ચિત્ર દોરનાર વિદ્યાર્થીઓ આગામી જાન્યુઆરી-૧૫માં યોજનાર સ્પર્ધામાં ભાગ લેવા જશે.

## યુવા મહોત્સવમાં રાંધેજાના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૧

ગુજરાત રાજ્ય અમદાવાદ પ્રદેશ દ્વારા યુવા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. મહોત્સવમાં રાંધેજા સ્થિત જોઈતારામ પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધામાં વિજેતા બન્યા હતા. અરવલ્લી જિલ્લાના ભિલોડામાં યોજાયેલ મહોત્સવમાં જે.એસ. પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થી ભાવિકા પટેલે લોકગીતમાં બીજો, એક પાત્રિય અભિનયમાં મેઘના રાવળે ત્રીજો અને લોકનૃત્યમાં શાળાએ ત્રીજો નંબર મેળવ્યો છે. તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર અને આચાર્યએ અભિનંદન પાઠવ્યા છે. તેમજ રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરે તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

## લોકગીત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧

આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-૬ના વિદ્યાર્થીઓ વચ્ચે તા. ૨૮ ના રોજ લોકગીતની હરીફાઈ યોજાઈ હતી. શાળાના શિક્ષિકાબેન અર્ચનાબેન લોકગીત એટલે શું ? તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ધોરણ-૬ના દરેક વર્ગના ચાર ચાર વિદ્યાર્થીઓએ લોકગીત રજૂ કર્યા હતા. તેમાં સોની દૈનિક, નાયી વિશાલ, પટેલ કાજલ, ઠાકોર હિતેશ, ચૌધરી જીતેન્દ્ર, ખાંટ અંજલી, પટેલ કાજલ, સોની તન્વી, કાદરી તનજીલા, પટેલ શુભ, પટેલ તપન, પટેલ જૈનિશ, પંચાલ સૃષ્ટિ, વાઘેલા સિદ્ધરાજ અને પ્રજાપતિ સંજયે ભાગ લીધો હતો. તેમણે હો રાજ રે.. વાવડીના, મારે ટોલડે બેઠો મોર, રાધા ઢૂંઢ રહી, આલાલીલા...., ચિત્તડાની ચોરી, આપણા મલકના, મારો સોનાનો, મા પાવા તે ગઢથી, હિંડોલો... વગેરે લોકગીતો રજૂ કર્યા હતા. શિક્ષિકા બહેનો કુંજલબેન, ભૂમિકાબેન તથા અર્ચનાબેને લોકગીત બાળકોને સંભળાવ્યા હતા. બાળકોને આ હરીફાઈમાં ખૂબ મજા આવી હતી.

# બાળકોના મૌલિક વિકાસ માટે શાળા-કોલેજોમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે

**વિચારસભા**
**શાળા-કોલેજોમાં વાર્ષિક-ઉત્સવ**
*નેહલ જયદીપ ગઢવી*

નવેમ્બર-ડિસેમ્બરમાં સ્કૂલ- કોલેજોમાં માહોલ એકદમ ખૂશનુમા અને આનંદસભર રહેતો હોય છે. વાતાવરણમાં પ્રસરેલી ગુલાબી ઠંડી અને શૈક્ષણિક સંકુલમાં વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ચહેલપહેલને કારણે વિદ્યાર્થીઓને પણ શિક્ષણના ભારે-ભરખમ વાતાવરણથી થોડી મુક્તિ મળે છે! શિક્ષણને વધુ અસરકારક બનાવવા અને વિદ્યાર્થીના વ્યક્તિત્વને વધુ નીખારવા માટે આ પ્રકારની પ્રવૃત્તિઓ ખૂબ આવશ્યક હોય છે. આમ તો, શાળા-કોલેજમાં અભ્યાસ કરવાનો આ સમયગાળો દરેક વ્યક્તિના જીવનનો સર્વશ્રેષ્ઠ સમય હોય છે. વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવાં અને શાળા-કોલેજના મંચ પરથી તેની પ્રસ્તુતિ કરવી એ દરેક વિદ્યાર્થી માટે જીવનભરનું યાદગાર સંભારણું બની જાય છે. વિદ્યાર્થી ઉત્સાહપૂર્વક તેમાં ભાગ લેવા ઉપરાંત પોતાના બેસ્ટ પરફોર્મન્સ માટે સતત પ્રેક્ટીસ પણ કરે છે. શાળાના રૂટિન વર્કીંગ અવર્સ પછી પણ શાળામાં રોકાઇને કલાકો સુધી પ્રેક્ટીસ કરવામાં તેનામાં એક અનેરો આનંદ અને ઉત્સાહ પણ જોવા મળે છે. તેમાંયે આજની જનરેશન તો ટેકનોસેવી જનરેશન હોવાને કારણે પોતાની તૈયારીઓ પણ બેસ્ટમાં બેસ્ટ રેફરન્સીસની મદદથી અભૂતપૂર્વ રીતે કરે છે પણ, શાળાના વાર્ષિક ઉત્સવની ઊજવણીમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સમાવેશ કરી તેમને પણ એક દિવસ પરફોર્મન્સ માટે સ્ટેજ આપવામાં આવે તો કેટલીય જુની યાદો તાજા થઇ જાય. આ ઉપરાંત, શાળા-કોલેજની અનેક વિવિધ પ્રવૃત્તિમાં શિક્ષક-શિષ્ય બેઉએ ભાગ લેવો જોઇએ. આનાથી પરસ્પરમાં પ્રેમ વધશે, વધુ નજીક આવવાની તક પણ સાંપડશે, જાણીતા તત્ત્વચિંતક અને શિક્ષણશાસ્ત્રી જે. કૃષ્ણમૂર્તિ આ પ્રકારની ગુરુ-શિષ્ય ભાવનાને પુષ્ટિ આપતાં લખે છે, "આ પ્રકારે ગુરુ-શિષ્યના સ્વસ્થ સંબંધોને વિકસવાને કારણે વિદ્યાર્થી જેમ મોટો થતો જશે તેમ તેમ આ સંબંધ બીજાં અસંખ્ય રૂપ શાળાજીવનમાં જાગેલો એમનો આ પ્રેમભાવ છેવટે ભવિષ્યની પુખ્ત મૈત્રીમાં પરિણમશે. એ પ્રેમ છેવટે પૂર્ણતામાં પાંગરશે; કાર્યાન્વિત બનશે." વિવિધ કો-કરીક્યુલર એક્ટીવીટીઝનો મુખ્ય ઉદ્દેશ એ જ હોય કે વ્યક્તિગત વિકાસની સાથે વિદ્યાર્થીનો ઓવરઓલ ગ્રોથ કરી શકાય. તેનામાં રહેલી ખૂબીઓ વિશિષ્ટ રીતે આ જગત સામે પૂર્ણપણાએ ખીલી તેમજ વિકસી શકે.

શાળાઓમાં તેમજ કોલેજોમાં કલ્ચરલ એક્ટીવીટીઝની સાથો સાથ સ્પોર્ટ્સ ક્ષેત્રે પણ નોંધપાત્ર સક્રિયતા જણાઇ છે. લોકો પહેલા કરતા હેલ્થ બાબતે વધુ જાગૃત બન્યા હોવાને કારણે તેમ જ બાળકના શારીરિક વિકાસની પુષ્ટિ માટે પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ હવે વધુ છે. ખરેખર, શિક્ષકનું એક વિશિષ્ટ અને મોટું કાર્ય રમતના મેદાન પરનું છે. જે શિક્ષક વિદ્યાર્થીઓ સાથે રમતો નથી એ ક્યારેય પોતાનાં વિદ્યાર્થીઓનાં હૃદયને પૂરા જીતી શકતો નથી. ખરેખર, શિક્ષકો એટલા ભાગ્યશાળી હોય છે કે તેમને પોતાના શિક્ષણકાળ દરમિયાન જે કાર્યો અધૂરા કે અપૂર્ણ રહી ગયા હોય તે કરવાનો એક સેકન્ડ ચાન્સ તેમને વિદ્યાર્થીઓ સાથે મળે છે. આવા શિક્ષકોએ તો વિશેષ સક્રિયપણે વિદ્યાર્થીઓના આ શિક્ષણ-કાર્યમાં સહભાગી થવું જોઇએ. શાળામાં વિવિધ સ્પોટર્સ એક્ટીવીટીઝને કારણે તન-મન સ્ફૂર્તિમય રહે છે અને વિદ્યાર્થીની કાર્યશક્તિમાં પણ વધારો થાય છે. આ પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓમાં સુંદર અને ઉમદા ગુણો પ્રગટાવી શકાય અને નબળાઇઓને પોષણ ન મળવાથી તે આપમેળે જ સૂકાઇ જાય. આજનાં ઘણાં ખરાં મા-બાપ, પોતાનાં બાળકોની ઇચ્છાઓનો વિચાર કર્યા વગર પોતાની જ અંગત સગવડની દૃષ્ટિથી જુએ છે. પરંતુ, આવે સમયે પિતાએ એક સમજુ વિચારક બનવું ખુબ આવશ્યક છે. માતા-પિતાએ સમજવું જોઇએ કે તેમનાં ત્યાં જન્મ લેનાર પુત્ર-પુત્રી સ્વતંત્ર જીવાત્મા છે. એમના વ્યક્તિત્વનો વિકાસ કરવાનું કામ, કર્મદેવતાએ તેમને સોંપ્યુ છે. તો એમના માટે આ એક સુંદર તક છે. તેમણે બાળકોને મિત્રની જેમ ગણી, એમની ઇચ્છા અને વિચાર જાણવા સદાય પ્રયાસ કરવો. કોઇ પણ જાતની નિર્દયતા, એ પ્રેમની વિરુદ્ધનું મહાનમાં મહાન પાપ છે. સંગીત, નાટક, એકટિંગ, એન્કરીંગ, રાઇટીંગ એવા અનેક નવા ક્ષેત્રો આજના બાળકો માટે નવી કરીયર ઓપ્શન તરીકે વિકસ્યા છે.

બાળકોના મૌલિક વિકાસ માટે શાળા-કોલેજોમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. દરેક વિદ્યાર્થીએ પોતાના ગુણો, શક્તિ અને સામર્થ્યને સતત યાદ રાખવા જોઇએ. તમામ વિદ્યાર્થીઓએ પોતાની રૂચિ હોય અને અનુકૂળ હોય તે પ્રકારના કાર્યક્રમોમાં ભાગ લઇને નિષ્ફળતા, નિર્બળતા અને નિરાશાને ખંખેરી નાખવી જોઇએ. સાવ નાનપણથી જ આપણને આ ખુમારીભરી કવિતા શીખવવામાં આવે છે કે,

"રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઇ મનમાં મરી જવાના?
મનમાં વિચાર શું છે? અવિરામ કંઇ દીપક છે
પ્રકાશ આંધીઓમાં પણ પાથરી જવાના!
એક આત્મબળ અમારું દુઃખ માત્રની દવા છે,
હર જખ્મને નજરથી કાંટા ભરી જવાના!"

મહાન ચિંતક રોબર્ટ બર્જેટ કહે છે કે, "સપ્તાહમાં બે દિવસ ચિંતામુક્ત હોય છે : એક તો ગઇકાલનો દિવસ. તમે જે ભૂલો કરી, ચિંતા કરી તે ગઇકાલ તો વીતી ગઇ છે, ઇતિહાસ બની ગઇ છે અને બીજો આવતીકાલનો દિવસ. જેને આવવાને હજુ વાર છે. તે તો ઇશ્વરનો દિવસ છે. તે દિવસે સારો જ વીતશે." નાની નાની અનેક વસ્તુઓ, પ્રસંગો, બનાવોમાંથી આનંદ-ઉત્સાહ મેળવો. કુદરતની આ અપાર સૃષ્ટિ કેટલી રંગબેરંગી-અજાયબ છે. બધેથી આનંદ મેળવતાં શીખો. અને તેમ છતાં જો ક્યારેક મન થોડું ઉદાસ થાય કે કંઇક મરજી મુજબની જીત ન મેળવી શકાય તો મનને હળવેકથી સમજાવતા શીખવીએ કે ઓલ ઇઝ વેલ એન્ડ ઓલ વીલ બી વેલ ઓલવેઇઝ શાળા-કોલેજોની આ નાની-મોટી સાંસ્કૃતિક સ્પર્ધાઓ કે રમતગમતની સ્પર્ધાઓ જીવનની મોટી-મોટી તકલીફો સામે લડવાના રીહર્સલ્સ સમાન બની ગઇ છે. જીવન જીવવાનું શીખવું છે, જીવનને માણતાં શીખવે છે, જયારે કોઇ એક વિદ્યાર્થી તમામ સ્પર્ધામાં જીતી જાય ત્યારે શિક્ષક અન્ય વિદ્યાર્થીઓને બેટર લક નેક્સટ ટાઇમ કહીને પોતાના સાથી મિત્રની ખુશીમાં સામેલ થતાં શીખવે છે. મારા વિના કોઇ વસ્તુ સંભવી જ ન શકે એવા વહેમમાં રાચતા વિદ્યાર્થીઓએ પણ આ વાત ધ્યાનમાં લેવા જેવી છે કે,

"મારી સહાયતા વગર સીધી લીટી પણ દોરી શકાતી નથી.
એવા ભ્રમમાં રાચતી ઓ ફૂટપટ્ટી!
તારી મદદ ન લેવાની શરતે જ વર્તુળ દોરી શકાય."

દરેક વ્યક્તિનું એક આગવું વ્યક્તિત્વ હોય છે અને તેમાં કોઇને કોઇ વિશેષતા છુપાયેલી હોય જ છે. શાળા કોલેજોના આ પ્રકારની સ્પર્ધાઓ એ છુપાયેલા ખમીરને શોધી કાઢે છે અને એ ક્ષેત્રમાં વિદ્યાર્થી વધુ આગળ ન જઇ શકે તો પણ તેના માટે તે જિંદગીભર માટેનું એક વહાલું અને સુંદર સંભારણાં ચોક્કસ બની રહે છે. કવયિત્રી પન્ના નાયક લખે છે કે,

"કોઇની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઇ
ટહુક્યા કરવાનું મને મંજૂર નથી.
પોતાની આંખ, પોતાની પાંખ
પોતાનું આભ, પોતાનું ગીત,
મનની માલિક હું મારે તે બીક શી?
હું તો મૌલિક છું."

તો આવો, આપણા બાળકોને ઉત્સાહથી તેમની શાળા-કોલેજોમાં થતા વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવા પ્રેરણા આપીએ તેમજ તેમને સ્ટેજ પર પરફોર્મ કરતી વખતે બિરદાવીએ પણ ખરા! સ્ટેજ પર પરફોર્મ કરનાર પોતાના બાળકને જોઇને આપણે ચોક્કસપણે આપણા અતીતને યાદ કરીને મનને તરોતાજ કરી શકીશું એક સ્વસ્થ અને પ્રફુલ્લિત સમાજની રચના કરીએ. ભણતરના ભાર હેઠળ દબાઇ ગયેલા વિદ્યાર્થીઓને થોડા સમય માટે પણ તેનાથી મુક્ત કરાવીએ અને તેની પ્રતિભાશક્તિને ખૂબ બિરદાવીએ.